### સમયસર ગેસના બોટલ નહીં મળતા ગ્રાહકોને પણ પારાવાર હાલાકી

# ગેસના બોટલ નહીં નીકળતાં ડીલીવરી કરતાં કામદારોની રોજગારીનો પ્રશ્ન

### બિલ જનરેટ થયા વગર ડિલિવરી બંધ થતા રોજંદી કામદારોની કમાણી પર અસર

(પ્રતિનિધિ) વડોદરા તા.9
તાજેતરમાં વડોદરા શહેરમાં એલપીજી ગેસ બોટલની અછત સર્જાતા ગેસ ધારકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. આ પરિસ્થિતિનો કેટલાક તત્વોએ ગેરફાયદો ઉઠાવી બ્લેકમાં ગેસ વેચવાનો પ્રયાસ કર્યો હતો.જેના સામે પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. છતાં પણ હાલ પરિસ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય થઈ નથી અને ખાસ કરીને ડિલિવરી સાથે સંકળાયેલા કામદારો માટે આ સ્થિતિ ચિંતાજનક બની ગઈ છે. બોટલની ડિલિવરી માટે નહીં જઈ શકતા કામદારોએ ઘર ખર્ચ કાઢવો પણ મુશ્કેલ બની ગયો છે. વડોદરા શહેરમાં એલપીજી ગેસ બોટલની અછતને કારણે સામાન્ય નાગરિકોથી લઈને નાના વેપારીઓ સુધી દરેકને અસર પડી છે. ગેસ સમયસર ન મળતા ઘણા ઘરોમાં રસોઈની સમસ્યા ઉભી થઈ હતી, જ્યારે હોટલો અને નાસ્તાના સ્ટોલ ધરાવતા વેપારીઓ પણ પરેશાન બન્યા હતા. બીજી તરફ, આ અછત દરમિયાન કેટલાક ગેરકાયદેસર તત્વોએ ગેસ બોટલોને વધુ ભાવે વેચવાનો પ્રયત્ન કર્યો હતો. પોલીસે આવા તત્વો સામે કાર્યવાહી કરીને કાયદાનો ડર બતાવ્યો હતો, જેના કારણે બ્લેકમાર્કેટિંગ પર અંકુશ આવ્યો હતો. પરંતુ હાલની મુખ્ય સમસ્યા ગેસ કંપનીઓની આંતરિક પ્રક્રિયાને લઈને ઉભી થઈ છે. જાણકારી મુજબ, ગેસ બોટલની ડિલિવરી માટે બિલ જનરેટ થવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. બિલ તૈયાર થયા વગર ટેમ્પા ચાલકો અને ડિલિવરી સ્ટાફને બોટલ આપવાની મંજૂરી આપવામાં આવતી નથી. પરિણામે, ઘણા વિસ્તારોમાં ગેસ ઉપલબ્ધ હોવા છતાં સમયસર ગ્રાહકો સુધી પહોંચતો નથી. એક અંદાજ મુજબ, દરેક ગોડાઉનમાં લગભગ 100 થી 150 જેટલા કર્મચારીઓ ગેસ બોટલની ડિલિવરી સાથે જોડાયેલા હોય છે. હાલની સ્થિતિમાં આ કર્મચારીઓને ત્રણથી ચાર દિવસ સુધી કામ વગર ઘરે બેસવું પડી રહ્યું છે. રોજિંદી કમાણી પર આધાર રાખતા આ કામદારો માટે આ પરિસ્થિતિ અત્યંત મુશ્કેલ બની ગઈ છે, કારણ કે ઘરખર્ચ ચલાવવો પણ કઠિન બન્યો છે.

#### ગ્રાહકોને ચૂલા તથા ઇંડક્શનનો સહારો

ગેસના સિલિન્ડર એજન્સી ઉપર નોંધવામાં આવતા હોય છે પરંતુ કેટલાક દિવસ સુધી તો તેના ઓટીપી જ કે બિલ પણ જનરેટ થતા નથી. જેના કારણે ગ્રાહકોને એજન્સી તથા ગોડાઉન પર ધર્મ ધક્કા ખાવા પડી રહ્યા છે. ગોડાઉન પર પણ બોટલો આપવાનો હાલમાં બંધ કરી દેવામાં આવી હોય તેની સીધી અસર ગ્રાહકોને પડી રહી છે. ના છૂટકે લોકોએ જમવાનું બનાવવા સહિતની ગેસના ઉપયોગની તમામ ક્રિયાઓ કરવા માટે લાકડાના ચૂલા સળગાવવા પડી રહ્યા છે કા તો સગડી વસાવવી પડી રહી છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ એકતરફ ગેસના સિલિન્ડરની મુશ્કેલી તો બીજી તરફ ઇન્ડક્શનના વધારે પડતા ઉપયોગના કારણે લાઇટબીલમાં વધારો થતાં બેવડો માર વેઠવાનો આવશે.

### આગ લગાવવામાં આવી હોવાની પ્રબળ આશંકા

# મંગલેશ્વર ઝાંપા પાસે પ્રોવિઝન સ્ટોર ભડકે બળ્યો, કોઇ જાનહાનિ નહીં



( પ્રતિનિધિ ) વડોદરા,તા.9
વડોદરા શહેરના સંગમ ચાર રસ્તા નજીક સંવાદ કોટર્સમાં રહેતા અનિલ રમણભાઈ સોલંકી શહેરના ફતેપુરા વિસ્તારમાં આવેલ મંગલેશ્વર ઝાંપા નજીક અને કુંભારવાડા પોલીસ સ્ટેશનથી સામાન્ય અંતરે 20 વર્ષ ઉપરાંતથી દ્રષ્ટિ પ્રોવિઝન સ્ટોર નામની દુકાન ચલાવે છે. વિસ્તારમાં રહેતા એક યુવકે વહેલી સવારે આશરે ચારથી સાડા ચાર વાગ્યાના અરસામાં તેમને ટેલીફોનિક માહિતી આપી હતી કે, તેમની દુકાનમાં આગ લાગી છે.

જેથી તેઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જોકે આ પહેલા જ સ્થાનિક લોકો દ્વારા ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. જેથી ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. બીજી તરફ એમજીવીસીએલની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી હતી અને વીજ પુરવઠો બંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. દુકાનના માલિક અનિલભાઈએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, અગાઉ પણ આ દુકાનમાં બે વખત તાળા તૂટેલા છે. ચોરી થઈ છે. આ આગ લાગી નથી લગાડવામાં આવી છે. અમને અહીંથી હટાવવાની વાત છે. મારા પ્રોવિઝન સ્ટોરમાં ગોળીઓ બિસ્કીટો સહિતનો સામાન તેમજ કોર્પોરેશનમાં સફાઈ કામદારો જે ઝાડુનો ઉપયોગ કરે છે, તેનો પણ મોટી માત્રામાં જથ્થો મૂકી રાખેલો હતો. તમામ માલ સામાન બળીને ખાખ થઈ ગયો છે. આશરે સાડા ત્રણથી ચાર લાખ રૂપિયાનું નુકસાન થયું છે. મહત્વની બાબત છે કે, દુકાન માલિકે આ આગ લગાડવામાં આવી હોવાની શંકા વ્યક્ત કરી છે. ત્યારે, સમગ્ર મામલે પોલીસે આગળની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું હતું.

### અકોટામાં કાર ચાલક બેફામ : પાંચનો બચાવ

# અક્ષરધામ સોસાયટીના મકાનમાં વોલ તોડી કાર ચાલક ઘૂસી ગયો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.9
વડોદરા શહેરના અકોટા ગાર્ડન નજીક અક્ષરધામ સોસાયટી પાસે વહેલી સવારે 5:30 વાગે એક કાર ચાલક ડિવાઈડર કૂદીને સોસાયટીના એક મકાનમાં ઘૂસી જતા દીવાલ તોડી પાડી હતી. કાર ચાલક નશો કરેલી હાલતમાં હોવાના રહીશોએ આક્ષેપ કર્યા હતા. પોલીસે એકની અટકાયત કરી હતી. જ્યારે, અન્ય બે થી ત્રણ જેટલા ઈસમો ફરાર થઈ ગયા હતા. સ્ટેશનથી પરત ફરતા આ અકસ્માત સર્જાયો હોવાની માહિતી મળી હતી. સ્થાનિક રહીશ શ્વેતાબેન પટેલે જણાવ્યું હતું કે, અકોટા ગાર્ડન પાસે અક્ષરધામ સોસાયટી આવેલી છે. સવારે 5:30 વાગે એક ગાડી વાળો સામેથી ડિવાઈડર કૂદીને આ બાજુ આવી ગયો હતો.

બધાનું એવું કહેવું છે કે એ પીધેલો હતો. એક ભાઈ હતો એનું કેહવું છે કે, બીજા ચાર પાંચ જણ હતા, એ હવે દેખાતા નથી. એ જવાબ આપતો નથી અને પોલીસ તેને લઈ ગઈ છે. એ તો સારું છે કોટ તો બની જશે, પણ જો કોઈ મોટી જાનહાનિ થઈ હોતતો જવાબદાર કોણ ? સવારે અહીં ચાલવા માટે સિનિયર સિટીજનો નીકળે છે. સવારે પણ ચારથી પાંચ લોકો બચી ગયા છે.

#### અકોટા બાગ પાસે અકસ્માત કરનાર કાર આપના એક આગેવાનની હોવાની ચર્ચા



વડોદરા શહેરના અકોટા બાગ વિસ્તારમાં આવેલી અક્ષરધામ સોસાયટીમાં વહેલી સવારે અકસ્માતની ઘટના સામે આવી છે. એક યુવકે વૈભવી એસયુવી કાર મકાનના ગેટ સાથે અથડાવતા ભારે નુકસાન થયું હતું. ગાડીમાં આરોપી સાથે અન્ય બે યુવકો પણ સવાર હતા. પોલીસે ત્રણે સામે ફરિયાદ નોંધી છે. સૂત્રો મુજબ અકસ્માત કરનાર કાર આપના કાર્યકર હોવાની ચર્ચા ચાલી રહી છે પરંતુ સવારથી રાત્રે ૯ વાગ્યા સુધી પોલીસ ગાડીના માલિક વિશે સ્પષ્ટ માહિતી મેળવી શકી નથી. ચર્ચાય છે કે આપના કાર્યકરો દિલ્હીથી પ્રચાર માટે આવેલા કાર્યકરો નશાની હાલતમાં હતા અને તેમની બેદરકારીને કારણે અકસ્માત સર્જાયો હતો.પોલીસ હાલ સમગ્ર મામલે વધુ તપાસ કરી રહી છે.

### વડોદરા જંકશનને બદલે પ્રતાપનગરથી ઉપડશે

# વડોદરા-માઉ સ્પેશિયલ ટ્રેનના રૂટ-સમયમાં ફેરફાર કરાયો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.9
પશ્ચિમ રેલ્વે મુસાફરોની સુવિધા અને વધારાના ધસારાને ધ્યાનમાં રાખીને વડોદરા - માઉ સ્પેશિયલ ટ્રેન વડોદરા ડિવિઝનથી ચલાવી રહી છે. ઉત્તર રેલ્વેના લખનૌ ડિવિઝનમાં કાનપુર સેન્ટ્રલ - કાનપુર બ્રિજ લેફ્ટ બેંક વચ્ચે મેગા બ્લોક હોવાને કારણે, આ ટ્રેનના રૂટ અને સમયમાં ફેરફાર કરવામાં આવ્યા છે. 11 એપ્રિલથી આ ટ્રેન વડોદરા જંકશનને બદલે પ્રતાપનગરથી ઉપડશે અને સમાપ્ત થશે. વડોદરા ડિવિઝનના અનુભવ સક્સેના દ્વારા જણાવ્યા અનુસાર આ ટ્રેન ટુંડલા, કાનપુર સેન્ટ્રલ, લખનૌ અને સુલતાનપુરને બદલે ટુંડલા, ગોવિંદપુરી, પ્રયાગરાજ, જ્ઞાનપુર રોડ, બનારસ અને ઔનરિહાર થઈને ડાયવર્ટ કરેલા રૂટ પર ચાલશે. 11 એપ્રિલથી, આ ટ્રેન વડોદરા - માઉ - વડોદરાને બદલે પ્રતાપનગર - માઉ - પ્રતાપનગર વચ્ચે ચાલશે. ટ્રેન નં. 09195 /09196 પ્રતાપનગર - મઉ સાપ્તાહિક સ્પેશિયલમાં ટ્રેન નં.09195 પ્રતાપનગર - મઉ સુપરફાસ્ટ સ્પેશિયલ દર શનિવારે પ્રતાપનગરથી 4:00 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે 6:00 વાગ્યે મઉ પહોંચશે. આ ટ્રેન 11 એપ્રિલથી 25 જુલાઈ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. 09196 મઉ - પ્રતાપનગર સુપરફાસ્ટ સ્પેશિયલ દર રવિવારે મઉથી 23:25 વાગ્યે ઉપડશે અને મંગળવારે 3:15 વાગ્યે પ્રતાપનગર પહોંચશે. આ ટ્રેન 12 એપ્રિલથી 26 જુલાઈ સુધી લંબાવવામાં આવી છે. રૂટમાં, ટ્રેન વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ જંક્શન, કોટા જંક્શન, ગંગાપુર સિટી, બયાના જંક્શન, રૂપવાસ, આગ્રા કેન્ટ., ફતેહાબાદ, ભાભર, ઈટાવા, ગોવિંદપુરી, પ્રયાગરાજ જંક્શન, જ્ઞાનપુર રોડ, બનારસ, વારાણસી અને ઉન્નિહાર સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે.

### સ્માર્ટ સિટીમાં ગંદકીનું સામ્રાજ્ય : પ્રજા ત્રસ્ત

# હરિનગરના મુખ્ય માર્ગો પર ગટરના પાણી ફરી વળ્યા, રાહદારીઓ બેહાલ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.9
શહેરના હરિનગર વિસ્તારથી ઇસ્કોન મંદિર તરફ જવાના મુખ્ય માર્ગ પર ગટરનું દૂષિત પાણી નદીની જેમ વહેતું જોવા મળી રહ્યું છે. રસ્તા પર ગંદા પાણીના ભરાવાને કારણે ઉનાળાની કાળઝાળ ગરમીમાં પણ અહીં ચોમાસા જેવો નજારો જોવા મળી રહ્યો છે, જેનાથી રાહદારીઓ અને વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. સ્થાનિક પરિસ્થિતિનો ચિતાર આપતા દ્રશ્યોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, ડ્રેનેજ લાઈનના ચેમ્બરમાંથી અવિરતપણે ગંદુ પાણી બહાર આવી રહ્યું છે. આ માર્ગ શહેરના વ્યસ્ત રસ્તાઓ પૈકીનો એક હોવાથી વાહનચાલકોને ગંદા પાણીમાંથી પસાર થવા મજબૂર બનવું પડે છે. દૂષિત પાણીના કારણે વિસ્તારમાં દુર્ગંધ ફેલાઈ રહી છે, જે સ્વાસ્થ્ય માટે પણ જોખમી સાબિત થઈ શકે છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે તંત્ર દ્વારા ડ્રેનેજ લાઈનોની સમયસર સફાઈ કરવામાં આવતી નથી, જેના પરિણામે આ ગંભીર સમસ્યા સર્જાઈ છે. આ પરિસ્થિતિ પર ચિંતા વ્યક્ત કરતા લોકો જણાવી રહ્યા છે કે જો ધોમધખતા ઉનાળામાં ગટરો આ રીતે ઉભરાતી હોય, તો આગામી ચોમાસામાં વડોદરાની હાલત કેવી થશે તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. જો અત્યારે જ ડ્રેનેજ લાઈનમાંથી પાણીનો યોગ્ય નિકાલ થતો ન હોય, તો વરસાદી પાણીના નિકાલ માટે તંત્ર પાસે શું આયોજન છે તેવો સવાલ ઉઠી રહ્યો છે. નાગરિકોની માગ છે કે કોર્પોરેશન વહેલી તકે આ ડ્રેનેજ લાઈનોની સફાઈ કરે જેથી ચોમાસા દરમિયાન રોડ-રસ્તા પર પાણી ભરાવવાની સમસ્યા ન સર્જાય.

### નવચંડી યજ્ઞ અને હવનમાં ભુવાજી તરીકે હાજર રહેવાની દલીલ ફગાવી

# ઠગાઈના ગુનામાં સજા કાપતા આરોપીના જામીન નામંજુર

(પ્રતિનિધિ), વડોદરા. તા.9
વડોદરાની સ્પેશિયલ કોર્ટ દ્વારા આરોપી વિપુલ ભેમાભાઈ પ્રજાપતિની વચગાળાના જામીન માટેની અરજી નામંજુર કરવામાં આવી છે. અરજદારે ધાર્મિક પ્રસંગમાં હાજરી માટે જામીન માગ્યા હતા, પરંતુ અદાલતે આ કારણને નકારી કાઢ્યું છે અને અરજી પણ નામંજુર કરી છે. મળતી માહિતી અનુસાર, મહેસાણાના આરોપી વિપુલ પ્રજાપતિ ગત 2 મે 2025થી જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. અગાઉ તેને 29 ડિસેમ્બર 2025થી 4 જાન્યુઆરી 2026 સુધી વચગાળાના જામીન આપવામાં આવ્યા હતા અને તે દરમિયાન તેણે તમામ શરતોનું પાલન કરીને સમયસર જેલ ઓથોરિટી સમક્ષ હાજરી આપી હતી. હાલમાં અરજદારે 9 એપ્રિલના રોજ પોતાના ઘરે યોજાનારા નવચંડી યજ્ઞ અને 10 એપ્રિલ ના રોજ વિહત માતાના હવનમાં ભુવાજી તરીકે હાજર રહેવાની જરૂરિયાત દર્શાવી 10 દિવસના વચગાળાના જામીનની માંગણી કરી હતી. આરોપી અરજદારે અદાલત દ્વારા મૂકવામાં આવનાર તમામ શરતોનું પાલન કરવાની પણ તૈયારી દર્શાવી હતી. પરંતુ સરકાર પક્ષે આ અરજીનો વિરોધ કરતાં દલીલ કરી હતી કે અરજદારને જામીન પર મુકવામાં આવે તો તે પુરાવાનો નાશ કરી શકે અન્ય આરોપીઓને બચાવી શકે અથવા ન્યાયિક પ્રક્રિયામાં વિલંબ સર્જી શકે તેવી શક્યતા છે. અદાલતે બંને પક્ષોની દલીલો અને તપાસ અધિકારીના રિપોર્ટને ધ્યાનમાં લઈ નિષ્કર્ષ કાઢ્યો કે અરજદારની હાજરી વિના પણ યજ્ઞ અને હવન થઈ શકે છે. અન્ય વ્યક્તિઓ અથવા ભુવાજી દ્વારા આ વિધિઓ પૂર્ણ કરી શકાય તેવી શક્યતા હોવાને કારણે અરજદારની હાજરી આવશ્યક નથી. આથી અદાલતે અરજદાર દ્વારા દર્શાવેલ કારણોને અસંતોષકારક ગણાવી તેની વચગાળાના જામીન માટેની અરજી નામંજુર કરી હતી.

# SSGમાંથી એક્ટિવા ચોરનાર ‘ઈબ્બુ’ ઝડપાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.9
વડોદરાની સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દીઓ અને તેમના સગા-સંબંધીઓના વાહનો ચોરાવાની ફરિયાદો સમયાંતરે ઉઠતી રહે છે. વર્ષ 2022માં હોસ્પિટલના પાર્કિંગ વિસ્તારમાંથી એક એક્ટિવાની ઉઠાંતરી થઈ હતી, જે અંગે જે-તે સમયે પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. લાંબા સમયથી વણઉકેલાયેલા આ કેસમાં ક્રાઈમ બ્રાંચની ટીમ સતત તપાસ ચલાવી રહી હતી. વડોદરા શહેર ક્રાઈમ બ્રાંચની ટીમને ખાનગી રાહે બાતમી મળી હતી કે, હોસ્પિટલમાંથી એક્ટિવાની ચોરી કરનાર શખ્સ ચોરીના વાહન સાથે ચોક્કસ વિસ્તારમાં ફરી રહ્યો છે. આ બાતમીના આધારે શખ્સને રોકી તેની પૂછપરછ હાથ ધરી હતી. પોલીસ તપાસમાં પકડાયેલ આરોપીનું નામ ઈબ્રાહીમ ઉર્ફે ઈબ્બુ બશીરભાઈ મલકે છે. ક્રાઈમ બ્રાંચે આરોપી ઈબ્રાહીમ ઉર્ફે ઈબ્બુની અટકાયત કરી તેની પાસેથી ચોરીનું વાહન જપ્ત કર્યું છે.

### આરોપીએ કંપનીના અધિકારીને ફોન કરીને આત્મહત્યા કરવાની ધમકી આપ્યાની પણ વિગતો સામે આવી

# ફાઈનાન્સ કંપનીની મહિલા કર્મચારી દ્વારા રૂપિયા 1.21 લાખની ઠગાઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.9
શહેરના ફતેગંજ વિસ્તારમાં આવેલી ખાનગી ફાઈનાન્સ કંપનીની મહિલા કર્મચારી દ્વારા ગ્રાહકો પાસેથી વસૂલ કરેલા હપ્તા તથા લોન ક્લોઝ કરાવવા માટે ઉઘરાવેલા રૂપિયા 1.21 લાખ ઉઘરાવવામાં આવ્યા હતાં. પરંતુ માત્ર 29 હજાર જ ભરી બાકીના રૂ.92 હજાર નહી જમા કરાવી છેતરપીંડી આચરવામાં આવી છે. જેથી ઠગ મહિલા કર્મચારી સામે ઠગાઈ ફરિયાદ નોંધાઈ છે.

ફતેગંજ વિસ્તારમાં આવેલી પહલ ફાઈનાન્સ સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ કંપનીના બ્રાંચ મેનેજર મુકેશભાઈ અગ્રવાલે નોંધાવેલી ફરીયાદ મુજબ, કેશાબેન સુરેશભાઈ કાછીયા નામની મહિલા વર્ષ 2020થી કંપનીમાં ફિલ્ડ ઓફિસર તરીકે કાર્યરત હતી. તે મહિલાઓના ગ્રુપ બનાવી લોન આપતી અને દર મહિને હપ્તા વસૂલવાની જવાબદારી સંભાળતી હતી.

દોઢ વર્ષ પૂર્વે ડિસેમ્બર 2024માં રાજીનામું આપ્યા બાદ નવા સ્ટાફને માહિતી ન હોવાથી જૂના ગ્રાહકો સાથે તપાસ કરતા ચોંકાવનારી હકીકતો સામે આવી હતી. ગ્રાહકો પાસેથી મળેલી માહિતી મુજબ, અનેક લોકોએ નિયમિત હપ્તા તેમજ લોન ક્લોઝિંગ માટેની રકમ કેશાબેનને ચુકવી હોવા છતાં તે રકમ કંપનીના ખાતામાં જમા કરાવવામાં આવી નહોતી. કેટલાક કેસમાં ગ્રાહકો પાસે ચુકવણીના પુરાવા, સહી કરેલ કાર્ડ અને ગૂગલ પે ટ્રાન્ઝેક્શનના સ્ક્રીનશોટ પણ મળ્યા હતા. મહિલા આરોપીએ અંદાજે રૂ.1.21 લાખ જેટલી રકમ ગ્રાહકો પાસેથી મેળવી હોવા છતાં કંપનીમાં જમા કરાવી નહોતી. જેમાંથી માત્ર આશરે રૂ.29 હજાર જમા કરાવ્યા હતા. જ્યારે બાકીની મોટી રકમ પોતાના ઉપયોગમાં લીધી હોવાનો આક્ષેપ છે. આ ઉપરાંત આરોપીએ કંપનીના અધિકારીને ફોન કરીને આત્મહત્યા કરવાની ધમકી આપ્યાની પણ વિગતો સામે આવી છે.

સમગ્ર મામલે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવે તેવી માંગ સાથે ફરીયાદ નોંધાવવામાં આવી છે. પોલીસ તપાસ બાદ હકીકત બહાર આવશે અને યોગ્ય કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### બિચ્છુ ગેંગના અસફાક શેખ સહિત ત્રણ આરોપી વોન્ટેડ

# યાકુતપુરામાં બે ભાઈ પર જીવલેણ હુમલો કરનાર ઝબ્બે

(પ્રતિનિધિ), વડોદરા. તા.9
વડોદરા શહેર વિસ્તારમાં આવેલા યાકુતપુરા માં ગત પાંચ જૂન ના રોજ રાત્રિના સમયે મીનારા મસ્જીદ પાસે જુના ઝઘડાની અદાવતને લઈને આરોપીઓ બિચ્છુ ગેંગના સાજીદ ગોલુમીયા શેખ ઉર્ફે પહેલવાન, અસ્ફાક ઈકબાલમીયા શેખ, ફિરોજ ઝેલાની શેખ તથા મોહસીન અમીનમીયા શેખે સાથે મળી બે ભાઈ પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો.

જેનાં પગલે સમગ્ર વિસ્તારમાં નાસભાગ ના દ્રશ્યો સર્જાયા હતાં. માથાભારે તત્વોએ બંને ભાઈને ગડદાપાટુનો માર-મારી માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી હતી. ઈજાગ્રસ્ત ને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સીટી પોલીસ સ્ટેશન માં ફરિયાદ નોંધાઈ હતી. જેથી પોલીસે અલગ-અલગ ટીમો બનાવી બનાવવાળી જગ્યાના સી.સી.ટી.વી. ફુટેજ, હ્યુમન સોર્સીસ તથા ટેક્નીકલ સર્વેલન્સ થી અલગ-અલગ દિશામાં એકસાથે તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમ્યાન સિટી વિસ્તારમાં ભયનું વાતાવરણ ઉભુ કરનાર આરોપી મોહમદ ફિરોઝ ગુલામજીલાની શેખ (રહે.અબ્દુલ કરીમ પહેલવાનનો ખાંચો, મિનારા મસ્જીદ પાસે, યાકુતપુરા, વડોદરા શહેર) ને ઝડપી પાડવામાં આવ્યો છે. જ્યારે બિચ્છુ ગેંગના અસ્ફાક ઈકબાલમીયા શેખ,સાજીદ ગોલુમીયા શેખ ઉર્ફે પહેલવાન અને મોહસીન અમીનમીયા શેખને વૉન્ટેડ જાહેર કર્યા છે.

ઉલ્લેખનિય છે કે, સમગ્ર શહેરમાં આતંક મચાવનાર બિચ્છુ ગેંગનો મુખીયો અસ્લમ બોડિયા જેના હાલમાં જ જામીન નામંજૂર થયાં છે.

### તાંદલજા વિસ્તારના સ્થાનિકોમાં ભારે રોષ

# કિસ્મત ચોકડી બની ‘ડેન્જર ઝોન’, સ્પીડ બ્રેકરના અભાવે સર્જાતા અકસ્માતો



(પ્રતિનિધિ), વડોદરા. તા.9
શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા અને સતત ટ્રાફિકથી ધમધમતા એવા તાંદલજા વિસ્તારની કિસ્મત ચોકડી હાલ અકસ્માતોનું કેન્દ્ર બની ગઈ છે. આ ચાર રસ્તા પર સ્પીડ બ્રેકર ન હોવાને કારણે વાહનચાલકો બેફામ ગતિએ વાહનો હંકારી રહ્યા છે, જેના કારણે દરરોજ નાના-મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે. સ્થાનિક રહીશો દ્વારા વારંવાર રજૂઆત કરવા છતાં તંત્ર ઘોર નિદ્રામાં હોય તેમ લાગી રહ્યું છે. કિસ્મત ચોકડી એ વિસ્તારનો મુખ્ય જંક્શન છે જ્યાંથી હજારોની સંખ્યામાં લોકો પસાર થાય છે. આસપાસમાં રહેણાંક સોસાયટીઓ, શાળાઓ અને વ્યાપારિક સંકુલો આવેલા હોવાથી બાળકો અને વૃદ્ધોની અવરજવર વધુ રહે છે. જોકે, ચાર રસ્તા પર વાહનોની ગતિને અંકુશમાં લેવા માટે એક પણ સ્પીડ બ્રેકર ન હોવાથી વાહનચાલકો જાણે રેસ લગાવી રહ્યા હોય તેમ પસાર થાય છે. અહીંની મુખ્ય સમસ્યા એ છે કે અહીંયા સ્પીડ બ્રેકર ન હોવાને કારણે ચારેય દિશામાંથી આવતા વાહનો કોઈ પણ રોકટોક વગર પૂરપાટ ઝડપે નીકળે છે. રાત્રિના સમયે વિઝિબિલિટી ઓછી હોવાને કારણે અકસ્માતનું જોખમ બમણું થઈ જાય છે. છેલ્લા કેટલાક સમયમાં અહીં અનેક ટુ-વ્હીલર અને રિક્ષા ચાલકો અથડાયા છે, જેમાં અનેક લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે. સ્થાનિકોની માંગ છે કે કિસ્મત ચોકડીના ચારેય રસ્તાઓ પર વ્હેલી તકે સ્પીડ બ્રેકર બનાવવામાં આવે અને ત્યાં જરૂરી સાઈન બોર્ડ પણ બનાવવામાં લગાવવામાં આવે. જો વહેલી તકે આ પગલું ભરવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં કોઈ ગમખ્વાર અકસ્માત સર્જાવવાની પૂરેપૂરી શક્યતા છે. વડોદરા મહાનગર સેવા સદન અને ટ્રાફિક વિભાગ આ બાબતને ગંભીરતાથી લઈને લોકહિતમાં નિર્ણય લેશે કે પછી કાગળ પરની ફાઈલો જ દોડતી રહેશે ? તે જોવું રહ્યું.

### રૂા.40 લાખની વીમા પોલિસી માટે પ્રેમીના હાથે હત્યા કરાવી હતી

# બહેનની હત્યા કરાવનાર મહિલાના જામીન નામંજૂર

(પ્રતિનિધિ), વડોદરા. તા.9
વડોદરાના ગોરવા વિસ્તારમાં આવેલા આમ્રપાલી સોસાયટીમાં બનેલો બહેન દ્વારા બહેનની હત્યાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે, જેમાં વીમા પોલિસીના લાલચમાં આવી મહિલાએ પોતાના પ્રેમી સાથે મળીને આ ભયાનક કાવતરું રચ્યું હતું. મૃતક અઝીઝાબાનુ પોતાના પતિથી અલગ રહી પિતાના ઘરે પુત્ર સાથે રહેતી હતી, જ્યાં તેની બહેન ફિરોઝાબાનુ પણ પરિવાર સાથે રહેતી હતી.

બંને વચ્ચે વારંવાર થતી બોલાચાલી વચ્ચે ફિરોઝાબાનુએ લાલચમાં આવીને પોતાના પ્રેમી રમીઝ રાજા સાથે મળી હત્યાની યોજના ઘડી હતી. મૃતકના પુત્ર મુસ્તુફા ઈસ્માઈલ દિવાનની વીમા પોલિસીમાં ફિરોઝાબાનુને નોમિની બનાવવામાં આવી હતી, જેના લાભ માટે તેણે પોતાની બહેનને વિશ્વાસમાં લઈ પ્રેમી સાથે મોકલી હતી. રમીઝ રાજાએ તાલુકા પોલીસ સ્ટેશન હદના ખાનપુર પાસે લઈ જઈ દુપટ્ટાથી ગળું દબાવી તેની હત્યા કરી નાખી હતી. ઘટનાની જાણ થતાં તાલુકા પોલીસે ઝડપી કાર્યવાહી કરી ગણતરીના કલાકોમાં જ આરોપી રમીઝ રાજા અને તેની પ્રેમિકા ફિરોઝાબાનુની ધરપકડ કરી હતી.

બાદમાં બંનેને જેલ હવાલે કરવામાં આવ્યા હતા. હાલમાં મહિલા આરોપી દ્વારા રેગ્યુલર જામીન માટે અરજી કરવામાં આવી હતી, પરંતુ બીજા એડિશનલ સેશન જજ ચિરાગ એમ. પવાર દ્વારા ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી જામીન અરજી નામંજૂર કરવામાં આવી છે.

### વન ડે વન રોડ અભિયાન હેઠળ કામગીરી : 7,000નો દંડ વસૂલાયો

# પ્રિયા સિનેમાથી નાયરા પેટ્રોલ પંપ સુધી મેગા સફાઈ ડ્રાઈવ



(પ્રતિનિધિ), વડોદરા. તા.9
સ્વચ્છતા સર્વેક્ષણમાં અગ્રેસર રહેવા અને શહેરના મુખ્ય માર્ગોને ઝાકઝમાળ રાખવાના હેતુથી વડોદરા મહાનગર પાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલા ‘વન ડે વન રોડ’ અભિયાન અંતર્ગત આજે શહેરના એક મહત્વના પટ્ટા પર સઘન સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. પ્રિયા સિનેમાથી લઈને નાયરા પેટ્રોલ પંપ સુધીના સમગ્ર માર્ગ પર પાલિકાની વિવિધ ટીમોએ સવારથી જ મોરચો સંભાળી મેગા ડ્રાઈવ યોજી હતી. આ સફાઈ અભિયાન માત્ર કચરો ઉપાડવા પૂરતું મર્યાદિત ન રહેતા, માર્ગની કાયાપલટ કરવાના આશયથી આયોજિત કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્યત્વે રોડ ડિવાઈડર પર લગાવવામાં આવેલા વૃક્ષો અને ફૂલછોડના અસ્તવ્યસ્ત ફેલાવાને રોકવા માટે તેનું વ્યવસ્થિત કટિંગ અને ટ્રિમિંગ કરવામાં આવ્યું હતું, જેથી વાહનચાલકોને વિઝિબિલિટીમાં તકલીફ ન પડે અને રોડ સુંદર દેખાય. રોડની બંને બાજુએ જમા થયેલી ધૂળ અને કચરાનો નિકાલ કરીને રસ્તાઓને ચોખ્ખા ચણક કરવામાં આવ્યા હતા. મચ્છરોનો ઉપદ્રવ ન વધે અને નાગરિકોનું આરોગ્ય જળવાય તે હેતુથી આરોગ્ય વિભાગ દ્વારા સમગ્ર વિસ્તારમાં સઘન ફોગિંગ કરવામાં આવ્યું હતું. આ સાથે સ્વચ્છતા જાળવવામાં નિષ્કાળજી રાખનારા તત્વો સામે પાલિકાએ કડક વલણ અપનાવ્યું હતું. સફાઈ અભિયાન દરમિયાન ટીમોએ આસપાસની દુકાનો અને લારી-ગલ્લાઓ પર તપાસ હાથ ધરી હતી. જેમાં પ્રતિબંધિત સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારા અને જાહેરમાં ગંદકી ફેલાવતા એકમો પાસેથી સ્થળ પર જ કુલ 7,000નો વહીવટી દંડ વસૂલવામાં આવ્યો હતો. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાલમાં ‘વન ડે વન રોડ’ અંતર્ગત દરરોજ શહેરના અલગ-અલગ વિસ્તારોમાં આ પ્રકારે કામગીરી કરવામાં આવી રહી છે. પાલિકાના આ સક્રિય અભિગમથી શહેરના મુખ્ય પ્રવેશદ્વારો અને આંતરિક રસ્તાઓની સ્થિતિમાં સુધારો જોવા મળી રહ્યો છે. તંત્ર દ્વારા નાગરિકોને પણ અપીલ કરવામાં આવી છે કે તેઓ કચરો ગમે ત્યાં ન ફેંકીને શહેરને સ્વચ્છ રાખવામાં સહયોગ આપે.